## હરિ નજર - ખરી નજર



સાહેબ, અમે ગુટખા વેચવાનું બંધ કર્યું છે. હવે 'ગુટખા ઘરે બનાવો' રેસીપી બૂક વેચીએ છીએ !

# ફ્રાન્સ ખાતે યોજાયેલ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ગાંધીનગરના કલાકારોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૫

તાજેતરમાં ફ્રાન્સના ડીજોન સિટી ખાતે ફોક ડાન્સ ફેસ્ટીવલનું આયોજન થયું હતું. આ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ગાંધીનગરની જાણીતી સંસ્થા રિધમ દ્વારા વિદેશની ધરતી પર ભારતીય લોક નૃત્યો વિશેની સમજ પ્રસારિત કરી અને આપણી કલા અને સંસ્કૃતિને ઉજાગર કરી ખૂબ પ્રશંસા પ્રાપ્ત કરવામાં આવી હતી.




દસ દિવસ ચાલેલા આ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં રીધમ સંસ્થાના દિપલ સીંધાના સફળ નેતૃત્વમાં દેવાંગ પંચાલ, ઘનશ્યામ વાઘેલા, ગૌતમ બ્રહ્મભટ્ટ, પંકજ સીંધા, હર્ષદ સોલંકી, જયેશ સુખડીયા, અર્જુન રજવાણીયા, રાજન વિજયસિંહ, નિર્મલ અડાલજા, અમૃતભાઈ ચૌધરી, જય પટેલ, હેલી પટેલ, વીણાબેન ચૌધરી, સ્નેહલ પ્રજાપતિ, જિજ્ઞેશ જયસ્વાલ, પ્રશાંત પ્રજાપતિ, જયેશ મકવાણા અને બાળ કલાકાર દર્શન સીંધા દ્વારા રાઠવા, સંબલપુર, ખડાવાડ, રાસડો જેવા લોકનૃત્યોની રજૂઆત કરવામાં આવી હતી. સાથે સાથે સંગીત જુગલબંધીનો અનોખો કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

આ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ભારત ઉપરાંત અલબાનીયા, બોલીવીયા, હંગેરી, જ્યોર્જિયા, ચેક રિપબ્લિક, ચાઈના, કેન્યા અને સાઈપ્રસમાં કલાકારોએ પોતાનાં લોકનૃત્યો રજૂ કર્યાં હતાં.

રીધમ સંસ્થાના પ્રમુખ બલવંત સીંધા, દીપલ સીંધા અને હર્ષદ સોલંકીએ આ લોક નૃત્યોની કોરિયોગ્રાફી કરી હતી.

# કાલે હું ના હોઉં ત્યારે એક ગાંધીવાદી નેકદિલ જાદુગર તરીકે સૌ મને ઓળખે એમ હું ઈચ્છું



કલકત્તાની એન્ગ્લો ઈન્ડિયન ગુજરાતી સ્કૂલ. એમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે. શાળા શરૂ થવાના સમયે અને છૂટવાના સમયે એક માણસ પોતે બે-ચાર દિવસ અગાઉ જ જેને મળેલો એવો ૭ વર્ષના વિદ્યાર્થીને એ ભીડમાં લગભગ લઈ જવાના ઈરાદાથી શોધ્યા કરે...

... ને એક દિવસે દફતર લઈને શાળામાં પ્રવેશી રહેલો એ છોકરો પેલા માણસને મળી ગયો. હાથ રિક્ષા લઈ આવેલા એ માણસે પેલા છોકરાને કાકલૂદી કરીને કહ્યું, દીકરા ચાલ મારી સાથે. તું તો પેદા જ થયો છે જાદુગર થવાને.

આ ૭ વર્ષનો છોકરો એટલે વિશ્વના મહાન જાદુગર તરીકે ખ્યાતનામ થયેલા આપણા ગૌરવવંતા ગુજરાતી, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માવજીંજવાના પુત્ર કાન્તિલાલ ગિરધરભાઈ વોરા ઉર્ફે જાદુગાર કે. લાલ અને પેલા માણસ એટલે ૧૯૨૦-૩૦ના અરસાના સુવિખ્યાત બંગાળી જાદુગર ગણપતિ ચક્રવર્તી.

બાળ કે. લાલે જીદ કરતાં કાકાએ તેમને જાદુગર ગણપતિ ચક્રવર્તી સમક્ષ રજૂ તો કર્યા પણ ત્યાં તો ન થવાનું થયું. બાળ કે. લાલે જાદુગર ગણપતિ ચક્રવર્તીને એમણે કરેલા જાદુના હાથ ચાલાકીના બધાં રહસ્યો કહી આપ્યાં.

જાદુગર ગણપતિ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સાત વર્ષનો છોકરો અને જાદુમાં આટલી બધી દિલચશ્પી ! તત્ક્ષણ એમણે કાકાને કહ્યું, આ છોકરાને મારી પાસે મોકલી આપો. મારે એને તૈયાર કરવો છે. તમે જોજો, એક દિવસ જાદુની દુનિયામાં એ નામ કાઢશે.

૧૫-૧૬ વર્ષની કિશોર વયે ૧૯૪૦માં જાદુગર કે. લાલે સૌ પ્રથમવાર જાદુનો શો જૂનાગઢ પાસે વંથલી ગામે કર્યો ત્યારે બગસરાથી પણ ઘણા માણસો વંથલી કે. લાલનો જાદુ જોવા ઉપસ્થિત હતા. પણ ખરો ખેલ તો કે. લાલનો ખેલ પુરો થયા પછી માવજીંજવા-બગસરામાં શરૂ થયો. લોક ગુસપુસ કરવા લાગ્યા, સાંભળ્યું ગિરધરભાઈ અને મુળીબેનનો છોકરો મેલી વિદ્યાના રવાડે ચડ્યો છે ! એના ઘરનું પાણી પણ ન પીવાય. નગરશેઠનો દીકરો થઈને આવું કરતાં એને લાજ નહીં આવી હોય ?

બાપાએ ભારે ઠપકો દીધો. માએ રોક્કળ કરી મુકી. ત્રણ દિવસ સુધી માએ ખાધું પણ નહીં. પુત્ર કે. લાલ તેમને સમજાવતા રહ્યા અને દઢ નિશ્ચય સાથે સામા પ્રવાહે તરતા રહીને પણ આગળ ને આગળ વધતા જ ગયા. પરિણામે એ જ માવજીંજવા ને બગસરાએ એક દિવસે એને પોતાના દીકરા કે.લાલનું ભવ્યાતિભવ્ય સ્વાગત પણ કર્યું ત્યારે કે.લાલની આંખો ભીના થવાનાં પૂરતાં કારણો હતાં. કે.લાલની જન્મતારીખ ૧૭-૧-૧૯૨૪. જાદુને નેડો એમને બચપણથી જ લાગેલો. બગસરામાં તે જમાનામાં કોઈ હોટલ ન હતી. મોટાબાપુ દયાળ દેવચંદ નગરશેઠ હતા. તેથી કવિ કાગ, મેરુદાન ગઢવી અને શાયર ઝવેરચંદ મેઘાણીના ઉતારા એમના આંગણે રહેતા. ગામમાં પ્રસંગોપાત નટો અને મદારીઓએય આવી ચઢતા. મદારી ખેલ કરે તે જોવાની પાંચ વર્ષના કે.લાલને ભારે આતુરતા. ઘરેથી મા પાસેથી રોટલા લઈ બાળ કે.લાલ જાતે જ મદારીને આપવા જતા ! કારણ જો મદારીને જમવાનું મળતું રહે તો એના ખેલ પણ વધુ દિવસ ચાલતા રહે.

શાળા જીવનની શરૂઆતે અમરેલીની ફોરવર્ડ સ્કૂલમાં ફણતા હતા ત્યારે જ મનમાં જાદુકલાનાં સ્વપ્નો સાથે બાળ કે. લાલને પણ પરિવાર સાથે જાદુગરની જાણીતી નગરી કલકત્તા (પશ્ચિમ બંગાળ) તરફ પ્રયાણ કરવાનું થયું. તેમાંય વિધિનો સંકેત જણાય છે. નહિતર કે. લાલ પહેલાં જાદુકલા ક્ષેત્રે કેવળ બંગાળ અને આસામની જ નામના હતી. જાદુ કલા ક્ષેત્રે ગુજરાતનું નામ કે. લાલે જ વિશ્વભરમાં અંકિત કર્યું છે.

જ્યાં અમિતાભ બચ્ચન, લતા મંગેશકર કે શાહરૂખ ખાન જેવી સેલીબ્રિટીના એક પણ શો થયા નથી એવા જાપાનમાં કે. લાલે ૩૨૦૦ જેટલા શો કર્યા છે. ૧૮ વખત એમણે જાપાનની મુલાકાત લીધી છે અને ત્યાંના માનદ્ નાગરિકની ઉપાધિ પણ પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં, પણ પોતાના દેશમાં કે. લાલના શો દરમ્યાન થયેલી તમામ આવકને સંપૂર્ણપણે કરમુક્ત કરીને જાપાનના તત્કાલિન વડાપ્રધાન તનાકાએ ગુજરાતના સપૂત કે. લાલનું સાચું મૂલ્ય આંક્યું હતું.

સુવિખ્યાત સાહિત્યકાર કુમારપાળ દેસાઈએ લખ્યું છે કે રૂપિયા ૧૨ કરોડથી વધુની સખાવત એકલા કે. લાલના જાદુના શોથી ઊભી થઈ શકી હતી તથા મોસાળ સાવરકુંડલા અને વતન બગસરાથી અનેક પરિવારોને મુંબઈ અને પુણેમાં સેટલ કરવામાં પણ કે. લાલનું બહુમૂલ્ય પ્રદાન છે. માવજીંજવાની માટીનું ઋણ પણ કે. લાલે ત્યાં શાળા અને બાલમંદિર ઊભા કરીને પૂર્ણ કર્યું હતું. પોતે બારેય માસ જાદુના શો માટે દેશ-વિદેશ ફરતા રહેવાનાકારણે પોતાના જ નામ સાતેની પોતે ઊભી કરેલીસ્કૂલમાં, પોતે ટ્રસ્ટી તરીકે રહેવાની સવિનય ના ભણી હતી. કે. લાલની આ ત્યાગભાવનાય પ્રશંસાને પાત્ર હતી. અનેક કુદરતી આપત્તિઓ સમયે પોતાના શોની આખેઆખી રકમ કે. લાલે દાનમાં દઈ દીધી હોય એવા અનેક પ્રસંગો બન્યા છે..

જાદુકલા ઉપરાંત સારી વાંસળી વગાડી જાણતા અને ઉત્તમ ચિત્રકાર એવા કે. લાલ ૮૮ વર્ષેય યુવાનોને શરમાવે એવો થનગનાટ દાખવતા હતા. તેની પાછળનો એમનો 'કમ ખાના - ગમ ખાના'નો સ્વભાવ કારણભૂત હતો. જીવનમાં ક્યારેય પાન, બીડી, દારૂ કે સોપારી સુધ્ધાંનો સ્પર્શ નહીં કરનાર કે. લાલ ગમે તેટલી ભૂખ હોય તો પણ અને સામે બત્રીસ પકવાન પડ્યાં હોય તો પણ માત્ર બે રોટલી અને તેની સાથે લેવાય તેટલું શાક જ જમતા.

ટીવી, વિડીયો, નાટકો, ફિલ્મ અને એવા અનેક આધુનિક મનોરંજન સાધનોની વચ્ચે પણ કે. લાલ જ્યાં જતા ત્યાં ઓછામાં ઓછા ૧ મહિના સુધી એમનો શો ચાલતો. ક્યારેય એક પણ શો પાંખો કે ઝાંખો ન રહેતો. એક મહાન જાદુગરની કલા સાધનાનું સ્વબળે સિદ્ધ કરેલું એ પ્રમાણ હતું.

કે. લાલના ઘરમાં જાદુકલા અને જાદુ વિજ્ઞાન પરના રૂપિયા પચ્ચીસ લાખ ઉપરાંતની કિંમતના પુસ્તકોનો ખજાનો છે. એમાં જાદુના કેટલાક પુસ્તકો તો એવા પણ છે જેને ખોલવા માટે પણ ચાવીનો ઉપયોગ કરવો પડે ! દુનિયાના પ્રવર્તમાન જાદુગરો એવા નહોતા જે આપણા કે. લાલથી પ્રભાવિત થયા હોય. આવા અનેક પત્રો, પ્રશંસાપત્રો અને જૈન કલા રત્ન એવોર્ડ, વિશ્વ ગુર્જરી એવોર્ડ વગેરે કે. લાલના ખજાનામાં મોજૂદ છે. જાહેરમાં પ્રથમવાર પોતાનો શો કરવા જઈ રહેલા નવી પેઢીના જાદુગરો દેશ અને દુનિયામાંથી કે. લાલના આશીર્વચન લેવા માટે આવતા.

કે. લાલ કે જેમણે વિશ્વભરમાં ગુજરાતનું નામ રોશન કર્યું તે હવે આપણી વચ્ચે નથી ત્યારે એમના શબ્દો યાદ આવે છે, કાલે હું ના હોઉં ત્યારે એક ગાંધીવાદી નેકદિલ જાદુગર તરીકે લોકો મને ઓળખે એવું હું ઈચ્છું, એવું કહેનાર મહાન જાદુગર કે. લાલને શ્રદ્ધાસુમન !

- નટુભાઈ પરમાર

## રોલ પ્લે સ્પર્ધામાં સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓ તાજેતરમાં જી.સી.ઈ.આર.ટી. સંચાલિત માધ્યમિક શાળાના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની રોલ પ્લે સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવી વિજેતા થયા હતા.

જિલ્લાની ૬ જેટલી શાળાઓએ રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સી.એમ. હાઈસ્કૂલના પાર્થ પટેલ, પાર્થ બિહોલા, કલરવ પટેલ, જય એન. પટેલ, જય પી. પટેલે સુંદર પ્રદર્શન કરી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આયોજકો દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

## વાણિજ્ય ક્ષેત્રે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં તાજેતરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ કોમર્સની વિદ્યાર્થીનીઓને વાણિજય ક્ષેત્રે કેવી તકો રહેલી છે તે માટેનો આ ખાસ સેમિનાર યોજવામાં આવ્યો હતો.

વાણિજય ક્ષેત્રે કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં ધો-૧૧ અને ૧૨ની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આચાર્યા સુધાબેન પટેલ દ્વારા કાર્યક્રમનું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. નોલેજ એકેડમી લાલભાઈ ગૃપ તરફથી હિરેન પટેલ અને પ્રદ્યુમન સિસોદિયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને તેઓએ હોટલ મેનેજમેન્ટ, સી.એ., ચાર્ટર્ડ ફાયનાન્સિયલ એકાઉન્ટન્સી, કંપની સેક્રેટરી, ઈન્ફર્મેશન ટેકનોલોજી જેવા અભ્યાસક્રમોની રસપ્રદ માહિતી આપી હતી અને વિદ્યાર્થીનીઓને મુંઝવતા પ્રશ્નોની વિગતવાર માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમમાં વાણિજય વિભાગના કર્મચારીગણે ખાસ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આર.એચ. પટેલ બી.એડ. કોલેજમાં પર્યાવરણ સપ્તાહ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડીયમ બી.એડ. કોલેજમાં તા. ૧૭ થી ૨૧મી સપ્ટેમ્બર દરમિયાન પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

પર્યાવરણ સપ્તાહ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગ્રીન ડે (લીલા રંગના વસ્ત્ર પરિધાન કરવા), પર્યાવરણ બચાવ સંબધી શ્લોગન રાઈટીંગ ડે, સેવ ઈલેકટ્રીક સીટી, અર્થ, વોટર સેવ, પ્લાન્ટેશન ડે, સાયકલીંગ ડે, વોકિંગ ડે, નો પ્લાસ્ટિક ડે ઉજવવામાં આવ્યા હતા. વિવિધ ડે અંતર્ગત જુદી જુદી પ્રવત્તિ યોજવામાં આવી હતી અને પર્યાવરણ અંગે જાગૃતિ કેળવવામાં આવી હતી.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ રાજયકક્ષાએ મોખરે

ગાંધીનગર, તા. ૨૫

રાજયકક્ષાની વેઈટ લેફટીંગ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ગ્રાન્ટેડ વિભાગની ૬ બાળાઓએ ભાગ લીધો હતો. જેમાંથી ચૌધરી ભૂમિ અને ચૌધરી કેતુ તૃતીય ક્રમે રાજયકક્ષાએ વિજેતા બની છે. આચાર્યા સંતોકબેન ચૌધરી અને કોચ લીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગર ખાતે 'જીવન સરિતા' પુસ્તકનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ (ગુડા)ના ચેરમેન શ્રી અશોક ભાવસારે પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે "જીવન સરિતા" પુસ્તકનો લોકાર્પણ વિધિ શારસ્વત શ્રી શિવશંકર દવેનો અમૃત મહોત્સવનો સંપન્ન કરાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી અશોક ભાવસારે જણાવ્યું હતું કે, આપણા નગરોને સતત ધબકતાં રાખવા અને નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ તરફ અભિમુખ કરવામાં વરિષ્ઠ નાગરિકોનું અમૂલ્ય પ્રદાન છે. પશ્ચિમી આક્રમણથી આપણી સંસ્કૃતિને બચાવવા, વૃદ્ધાશ્રમ બનાવતાં અટકાવવા વડીલોએ નવી પેઢીને સાથે રાખીને સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તેમ જણાવી શ્રી ભાવસારે કહ્યું કે, ઉપયોગી પુસ્તકોના માધ્યમથી સમાજને હરહંમેશ નવી પ્રેરણા મળતી રહે છે. તેમણે શ્રી શિવશંકરભાઈને દિર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી ભાવિ આયોજનો વધુ યશસ્વી નિવડે તથા સદવાંચનની પ્રવૃત્તિ સમગ્ર રાજ્યમાં વધુને વધુ વિસ્તરે તે માટે ઈશ્વર પ્રતિ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીએ કહ્યું હતું કે, સરકારી અધિકારી કે કર્મચારી નિવૃત્તિ બાદ જીવનમાં ખાલીપો અનુભવે છે. નિવૃત્તિની તારીખ અગાઉથી નક્કી હોય તો પણ નિવૃત્તિ આવતા જ આપત્તિ આવી હોય તેવી ફાળ પડે ત્યારે સતત પ્રવૃત્ત રહીને ઈશ્વરદત્ત જીવનને જીવન જીવવાની કળા કેળવીને સાર્થક કરીએ તો જ પરમતત્વને પામી શકાય. લેખકને અભિનંદન પાઠવીને શ્રી પી. કે. લહેરીએ કહ્યું કે, આપણને જે આયુષ્ય મળ્યું છે તેનો ઉપયોગ બીજાના સુખ માટે કરવો જોઈએ. સૌના સુખમાં જ આપણું સુખ સમાયેલું છે. વિકટ સંજોગોમાં પણ શબ્દોની સાધના કરીને નિજાનંદમાં રહેવું અને લોકકલ્યાણના કાર્યો કરવા તેની પ્રતિતિ શ્રી શિવશંકરભાઈ દવેએ કરાવી છે. તેનો ઉલ્લેખ કરીને પૂર્વ મુખ્ય સચિવશ્રીએ પોતાને મળેલી કામગીરી વિશુદ્ધ આનંદ પૂર્વક કઈ રીતે કરવી તેની રસલક્ષી માહિતી આપી હતી.

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ આજના વડીલો તમામ પેઢીને ખૂબ જ સહજતાથી અને પ્રેમ પૂર્વક સ્વીકારીને પોતાના સમય જેવી સંસ્કારમય બનાવવા પ્રયત્ન કરે છે તેમ જણાવી કહ્યું કે, સાહિત્યકારો અને કલાકારો દ્વારા નગરમાં સંસ્કારની સુવાસ સતત પ્રસરતી રહે છે. જૂની પેઢીના વરિષ્ઠો પાસેથી આજના યુવકોને જીવન જીવવાની શીખ મળે છે તેમ કહીને વરિષ્ઠોને ઋષિ કેરેક્ટર તરીકેનું બહુમાન આપ્યું હતું. ડૉ. દેસાઈએ કહ્યું કે, "મૂઠી ઉચેરા માનવ" શ્રી શિવશંકરભાઈ છે. શીલ અને સાહિત્ય વચ્ચેની તાદમ્યતા જાળવતા. શારસ્વતોની પ્રશંસા કરી આજની પરિસ્થિતિમાં સદવાંચનની પ્રવૃત્તિમાં વેગવાન બનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો.


ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાંત મહેતા અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા અને લોકસાહિત્યના જાણિતા સર્જક શ્રી દોલતભાઈ ભટ્ટે તેઓના શુભેચ્છા સંદેશામાં શ્રી શિવશંકરભાઈને "ભારતીય સંસ્કૃતિના ઉમદા મૂલ્યોના ઉપાસક" તરીકે ગણાવી સદવાંચનનો પ્રચાર કરવાની તેમની પ્રવૃત્તિ બદલ અભિનંદન આપી આજના અવસરે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.


● અનુસંધાન પાન-૭ પર



યુનીસ કેનેડી શ્રાઈવર ડેની ઉજવણી નિમિત્તે મંગળવારે મુક્તિધામ ખાતે સ્પેશિયલ ઓલિમ્પિક્સ દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટે ફન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૦ બાળકો તથા શિક્ષકો અને શહેરના કેટલાક સક્રિયોએ વિશિષ્ટ બાળકો સાથે બાળક બનીને ફન ગેમ્સનો આનંદ ઊઠાવ્યો હતો અને બાળકોને આનંદ અર્પ્યો પણ હતો. (તસવીર : કમલેશ શાહ)

# પથારીવશ પિતાની સેવા માટે સ્ટેટ બેન્કના ઑફિસરે નોકરીનો ત્યાગ કર્યો





## સંબંધ સજાવે જિંદગી
### પિતા-પુત્રની સ્નેહભરી દાસ્તાન
- પોપટલાલ એસ પ્રજાપતિ

ચારે બાજુ કળિયુગનો કકળાટ અને પેટના જણ્યાની પીડાનો વલોપાત સાંભળવા મળે છે. સગો દીકરો બાપને વૃધ્ધાશ્રમમાં મોકલે એ તો બહુ જુની વાર્તાઓ થઈ. કાળજે પથ્થર મુકી સૌ કોઈ આવી વાર્તા સાંભળી લે છે અને સહન કરી લે છે. આવા કપાતરોના રોદણાં રોવાની પણ હવે કોઈને ફુરસદ નથી. પણ જેણે કુળદીપક થઈ માતા-પિતાના જીવનમાં પ્રકાશ રેલાવ્યો એની ગાથાઓ ગવાય છે અને સૌ હોંશે હોંશે આ કથાઓનું શ્રવણ કરે છે, વાંચે છે. આખી જિંદગી સમૃદ્ધિ અને સંપત્તિની પાછળ હડકાયા કૂતરાની જેમ દોટ મૂકતા અર્થભૂખ્યા માનવીઓ પુત્રો પાસેથી વધુ સારી અપેક્ષા પણ શી રાખી શકે ?

પણ જેણે સંસ્કૃતિના વાવેતર કર્યા હોય તેનતે કઠણાઈનો થાક લણવો પડતો નથી કે વૃધ્ધાવસ્થાના પગથિયા ગણવા પડતા નથી. વાત છે એવા જ એક કુળદીપકની જેણે પથારીવશ પિતાની સેવા માટે નોકરીને તિલાંજલી આપી દીધી. ભારેખમ પગારનો ક્ષણનાય વિલંબ વિના ત્યાગ કર્યો. અને સાબિત કર્યું કે દીકરી વ્હાલનો દરિયો છે તો દીકરો પણ સ્નેહનો સાગર છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ફરજ બજાવતા હૃદયનાથ ધનેશા તા. ૧૦-૬-૨૦૧૧ના રોજ ડીજીએમ (ડેપ્યુટી જનરલ મેનેજર)ની કેબિનમાં જઈ સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી રજૂ કરે છે. ડીજીએમ આશ્ચર્યના ભાવ સાથે કહે છે હૃદયનાથ ! આમ અચાનક રાજીનામું !!! કોઈ કારણ ? હૃદયનાથે મક્કમતાથી જવાબ આપ્યો, યસ સર ! મારા પિતા છેલ્લા બે વરસથી પથારીવશ છે. ઓસ્ટીઓપોરોસીસ (હાડકાંની બિમારી)થી પીડાય છે. જાતે હલનચલન કરીશખતા નથી, જાતે હાજતે જવામાંય તકલીફ પડે છે. જાતે ખાઈ-પી શકતા નથી. મારી માતા પણ ૭૫ વર્ષ વટાવી ચૂક્યા છે. તે પિતાને ઉંચકી ટોયલેટમાં લઈ જઈ શકે નહીં. પત્નીને પણ સસરાની સેવા કરવામાં અમુક મર્યાદા નડે. આ પરિસ્થિતિમાં પપ્પાએ તેમના હાલ પર છોડી ૧૦ના ટકોરે હું ઓફિસમાં આવી એરકન્ડીશનની મજા માણું... મારું મન માનતું નથી.

ડીજીએમે સુઝાવ આપ્યો કે બે પાંચ હજારમાં સેવા કરવા કોઈ માણસને રોકી લો પણ ૫૦ હજારના પગારવાળી નોકરી એમ છોડી દેવાય ? ત્યારે હૃદયનાથે કહ્યું, સર ! જ્યારે હું નાનો હતો ત્યારે મારા ઉછેર માટે પિતાએ કોઈ કમી નહોતી રાખી. સચિવાલયમાં સૅક્રેટરી જેવા ઉચ્ચ હોદ્દા પર હોવાથી તેઓ ઘરમાં નોકર રાખી મને તેમના હવાલે કરી શક્યા હોત. પણ મારા માતા-પિતાએ મારા ઉછેરમાં ખૂબ ધ્યાન આપી મને ભરપૂર પ્રેમ આપ્યો છે. પપ્પાએ આંગળી પકડી મને ચાલતા શીખવ્યુ છે. મારામાં નીતિમત્તા અને પ્રામાણિકતા ઠાંસી ઠાંસીને ભર્યા છે. મારા ઘડતર માટે સ્વયં અગવડો વેઠી છે. એ પિતા ૮૦ વર્ષે અસહાય બને ત્યારે એમની આંગળી પકડી મારે એમને ચાલતા રાખવા છે. એમની જીવન સંધ્યામાં મારે મેઘધનુષના રંગો પૂરવા છે અને આ બધું મારે એમનો પુત્ર બનીને કરવું છે... જાતે જ... નોકર દ્વારા નહીં. પિતાનું ઋણ ચૂકવવાનો આ અવસર મારે ગુમાવવો નથી. અને ડીજીએમ સાહેબ વિસ્ફારિત નયને દિગ્મૂઢ બની હૃદયનાથની વાતો સાંભળતા જ રહ્યા. એમને થયું આ ધરતી પર હૃદયનાથ જેવા રત્નો ન હોત તો ધરતી ક્યારનીય રસાતાળ થઈ હોત... અને ડીજીએમે હૃદયનાથનું રાજીનામું મંજૂર કર્યું.

પિતા મોહનભાઈ ધનેશા એક પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ કલાસ વન અધિકારી હતા.

તેઓ નિવૃત્ત થયા ત્યારે સહકાર વિભાગમાં જોઈન્ટ સૅક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. તેમણે પચીસ વર્ષ આરોગ્ય વિભાગમાં પણ સૅક્રેટરી તરીકે ફરજ બજાવી હતી. તેમને વાચનનો બહુ શોખ. બધા ધર્મોનો ઊંડો અભ્યાસ કરેલો. અંગ્રેજી અને સંસ્કૃતમાં તેમની ગજબની માસ્ટરી. તેઓ દીકરાઓને શિખામણ આપતા કે જાત મહેનત કરી આગળ વધો. મારા નામની ટેકણ લાકડી લઈ પ્રગતિના પગથિયા ચઢશો તો ગબડી પડવાનો ભય રહેશે. દીકરીને મેડીકલમાં એડમિશન વખતે તેઓ આરોગ્ય વિભાગમાં હતા છતાં વગનો ઉપયોગ નહોતો કર્યો.

પિતાની આ શીખામણથી બંને દીકરા હૃદયનાથ અને આશુતોષમાં ખુમારી પ્રગટી. અને આપબળે તેઓ આગળ વધ્યા. તેમને બે દીકરીઓ છે જેમાં એક ડૉક્ટર અને એક એન્જિનીયર. એક દીકરી અને એક દીકરો અમેરિકામાં છે. હૃદયનાથ પિતાની સેવા એટલી લગનથી કરે છે કે તેઓ સામાજિક પ્રસંગોમાં ન છૂટકે જાય છે. તેમનાં પત્ની પુષ્પાબેન અત્યંત માયાળુ છે. સસરાની સેવા કરવામાં પોતાના દાંપત્યજીવનને પણ વિસારે પાડી દીધું છે. પુષ્પાબેને જણાવ્યું કે પપ્પાની સર્વિસ ચાલુ હતી ત્યારે અમે એકવાર અલગ રહેવાનું વિચાર્યુ પણ પપ્પાને ખબર પડતાં તેઓ દીકરા આગળ ગળગળા થઈ ગયા અને એટલું જ બોલ્યા તમે અમને છોડીને જશો તો રામના વિયોગમાં દશરથે ઝુરીઝુરીને પ્રાણ ત્યાગ કર્યો હતો એવી મારી દશા થશે. અને ત્યારે હૃદયનાથે પિતાને આશ્વાસન આપ્યું કે પપ્પા તમને છોડીને અમે ક્યારેય નહીં જઈએ, સ્વપ્ને પણ વિચારીશું નહીં.

પુષ્પાબેનને સાસુ સુધાબેન સાથે પણ ખૂબ ફાવે. સાસુ કોઈ બાબતમાં ઠપકો આપે તો તે માની શીખામણ સમજી હળવાશથી લઈ લે... પરિણામે બંને વચ્ચે ક્યારેય મનભેદ થયા નથી. સાસુમા કહે છે, સારો પુત્ર મળે તે નસીબ કહેવાય પણ સારી પુત્રવધૂ મળે એના માટે ભગવાનના આશીર્વાદ જોઈએ.

અને ભગવાનના આશીર્વાદ જોઈએ અને ભગવાનના આશીર્વાદ કંઈ બધાને થોડા મળે ? મારો પુત્ર હૃદયનાથ અને પુત્રવધૂ અમારી આંખોનાં રતન છે. ભગવાન સૌને આવા પુત્ર અને પુત્રવધૂ આપે...